# 1 અર્થશાસ્ત્ર : વિષય-પ્રવેશ
# (Economics : An Introduction)


- પ્રસ્તાવના
- 1.1 અર્થશાસ્ત્રનો અર્થ
- 1.2 અર્થશાસ્ત્રનું ભારતીય ચિંતન
- 1.3 પશ્ચિમમાં અર્થશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસ
  - એડમ સ્મિથે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા
  - માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા
  - રોબિન્સે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા
  - સેમ્યુઅલસને આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા
- 1.4 આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ
- 1.5 એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર
- 1.6 આર્થિક માહિતીની રજૂઆત
- 1.7 આંકડાકીય માહિતીનું મહત્ત્વ
  - 1.7.1 સિદ્ધાંતોની આધારભૂતતામાં વધારો થાય છે
  - 1.7.2 દશા અને દિશાનાં વલણો જાણવા માટે
  - 1.7.3 તુલનાત્મક અભ્યાસ માટે
  - 1.7.4 સંક્ષિપ્તમાં રજૂઆત માટે
- 1.8 આંકડાકીય માહિતીને આકૃતિ-આલેખમાં રજૂ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો
  - 1.8.1 વિશ્વસનીય પ્રાપ્તિસ્થાન
  - 1.8.2 સ્વતંત્ર અને પરતંત્ર ચલ
  - 1.8.3 સ્કેલમાપની પસંદગી કરવી
- 1.9 આંકડાકીય માહિતીની આકૃતિ કે આલેખમાં રજૂઆત
  - 1.9.1 સ્તંભ-આકૃતિ
  - 1.9.2 પાસપાસેની સ્તંભ-આકૃતિ
  - 1.9.3 વૃત્તાંશ આકૃતિ
- 1.10 અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ
  - 1.10.1 વ્યાવહારિક મહત્ત્વ
    - 1.10.1.1 આંતરરાષ્ટ્રીય ઘટનાઓ
    - 1.10.1.2 ઐતિહાસિક ઘટનાઓ
  - 1.10.2 આર્થિક મહત્ત્વ
    - 1.10.2.1 રોજબરોજના વ્યક્તિગત નિર્ણયો માટે
    - 1.10.2.2 સરકારની નીતિઓને સમજવા માટે
  - 1.10.3 વ્યાવસાયિક મહત્ત્વ


**પ્રસ્તાવના (Introduction)**

માનવી બુદ્ધિશાળી પ્રાણી છે. તેથી તે પોતાની આસપાસની પરિસ્થિતિનું વિશ્લેષણ કરી શકે છે અને વર્ગીકરણ કરી શકે છે. માનવજીવન સુખરૂપ ચાલે તે માટે તેણે વ્યવસ્થાઓ ઊભી કરી છે. જેમકે સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા. આ વ્યવસ્થાઓને સમજાવવા માટે, તેને પેઢી દર પેઢી ચલાવવા માટે તથા વ્યવસ્થામાં ઊભા થતા પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટે માણસે વિવિધ શાસ્ત્રોની રચના કરી છે.

આદિયુગમાં માણસ કેટલાક પ્રશ્નો અને સમસ્યાઓનો ઉકેલ લડાઈ કે યુદ્ધ દ્વારા લાવતો પણ સમજણના વિકાસ સાથે તે સમસ્યાઓનો ઉકેલ શાસ્ત્રો દ્વારા, બુદ્ધિપૂર્વકની ગણતરીઓ દ્વારા લાવતો થયો. અર્થશાસ્ત્ર આ રીતે માનવીની આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે તથા માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે.

## 1.1 અર્થશાસ્ત્રનો અર્થ (Meaning of Economics)

અર્થશાસ્ત્ર શબ્દનો સાદો અર્થ છે 'અર્થ'નું શાસ્ત્ર. સંસ્કૃત શબ્દ 'અર્થ' પરથી આ શબ્દ ઊતરી આવ્યો છે. સંસ્કૃતમાં 'અર્થ' શબ્દના અનેક અર્થ છે. જેમાંનો એક છે 'ઉદ્દેશ્ય' - 'કશુંક મેળવવું' જે આધુનિક 'આર્થિક' અર્થ સાથે વધારે સુસંગત છે.

અંગ્રેજી શબ્દ Economics ગ્રીક શબ્દ Oikonomikos પરથી ઊતરી આવ્યો છે. પ્રાચીન ગ્રીસમાં ઘરવખરી, સરસામાન કે જે વ્યક્તિગત માલિકીનો હોય છે તેને Oikos કહેતા અને આ ઘરના સરસામાનનું વ્યવસ્થાપન કરવાની રીતને Nomos કહેતા.

## 1.2 અર્થશાસ્ત્રનું ભારતીય ચિંતન (Economics in Indian Thought)

ભારતમાં સભ્યતા અને સંસ્કૃતિનો ઇતિહાસ આશરે પાંચ હજાર વર્ષથી પણ વધુ વર્ષ જૂનો છે. માટે જ ભારતીય તત્ત્વચિંતનમાં માનવજીવનનાં વિવિધ પાસાંનો અભ્યાસ અને માર્ગદર્શન જોવા મળે છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ છે જે માણસે કરવાના હોય છે. માનવજીવનના આ ચાર મુખ્ય ઉદ્દેશ્ય છે. જેમાંથી 'અર્થ' માટે કરવામાં આવતી પ્રવૃત્તિ સાથે અર્થશાસ્ત્રને લેવાદેવા છે.

'કશુંક મેળવવાની' અપેક્ષા સાથે થતી પ્રવૃત્તિ એ 'અર્થપૂર્ણ' પ્રવૃત્તિ છે. જીવનનિર્વાહ અને ભૌતિક સુખની પ્રાપ્તિ માટે અર્થોપાર્જન કરવું (આવક મેળવવી) તે માણસનું કર્તવ્ય છે. આશરે

2500 વર્ષ પહેલાં 'અર્થશાસ્ત્ર' નામના પોતાના પુસ્તકમાં કૌટિલ્યે કે જેમનું બીજું નામ ચાણક્ય છે. તેમણે માનવીની આર્થિક પ્રવૃત્તિ માટેનું ચિંતન રજૂ કર્યું હતું. આ સંદર્ભમાં કૌટિલ્યના મતે 'મનુષ્યની વૃત્તિ અર્થ છે, મનુષ્યના વસવાટવાળી ભૂમિ અર્થ છે તેવી પૃથ્વીના લાભ-પાલનના ઉપાયો દર્શાવતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.'

ભારતીય ચિંતનમાં માનવકલ્યાણનો સમગ્રતયા વિચાર થતો હતો. આર્થિક પ્રવૃત્તિ પણ માત્ર 'અર્થ' કેન્દ્રિત ન રહેતાં નૈતિક આધારો સાથે સમગ્ર માનવકલ્યાણને ધ્યાનમાં રાખીને થાય છે. માટે જ ચાણક્યના અર્થશાસ્ત્રમાં નીતિશાસ્ત્રની પણ અસર છે. વળી, ચાણક્યના મોટા ભાગના આર્થિક વિચારોમાં જાહેર અને સામૂહિક વર્તનવાળી આર્થિક પ્રવૃત્તિ જ કેન્દ્રસ્થાને છે. ખાસ તો રાજાશાહી રાજ્ય-વ્યવસ્થા અને કૃષિપ્રધાન અર્થ-વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને આર્થિક બાબતોનું માર્ગદર્શન કૌટિલ્યે રજૂ કર્યું હતું.

**1.3 પશ્ચિમમાં અર્થશાસ્ત્રનો ઉદ્‌ભવ અને વિકાસ (Formal Development of Economics as a Science in the West)**

તત્ત્વચિંતક એરિસ્ટોટલે Oeconomica નામનું પુસ્તક લખેલું અને આર્થિક ચિંતન રજૂ કર્યું હતું, પણ ઔદ્યોગિક ક્રાંતિ બાદ જેમ ઉદ્યોગક્ષેત્રે સૂક્ષ્મ શ્રમ-વિભાજન થયું અને વિશિષ્ટીકરણ થયું (કોઈ એક કામ એક જ વ્યક્તિ દ્વારા થાય અને તેમાં જ તે કુશળતા મેળવે) તેમ જ્ઞાનનાં ક્ષેત્રોમાં અભ્યાસ અને સંશોધનમાં પણ વિશિષ્ટીકરણ થયું. ભૌતિકવિજ્ઞાનોની જેમ સમાજવિજ્ઞાનનો અને માનવવર્તનનો અભ્યાસ કરતાં શાસ્ત્રોમાં પણ વિશિષ્ટીકરણ થયું તથા અભ્યાસની પદ્ધતિ માત્ર તર્ક કે કલ્પના આધારિત ન રહેતાં, પ્રયોગ અને ચકાસણી આધારિત વૈજ્ઞાનિક પદ્ધતિથી અભ્યાસ શરૂ થયા, એટલે અત્યાર સુધી માનવીના આર્થિક વર્તનનો રાજ્યશાસ્ત્ર અને નીતિશાસ્ત્ર કે તત્ત્વચિંતનના ભાગરૂપે અભ્યાસ થયો હતો. તેનો સ્વતંત્ર વિષય તરીકે અભ્યાસ શરૂ થયો.

ઔદ્યોગિક ક્રાંતિને કારણે મોટાં યંત્રો, મોટા પાયે ઉત્પાદન, આર્થિક સત્તાનું કેન્દ્રીકરણ અને જંગી મૂડીરોકાણને પરિણામે એક નવી જ આર્થિક-સામાજિક વ્યવસ્થા ઊભી થઈ. આ સંદર્ભે 'કોઈ પણ દેશની આર્થિક સંપત્તિમાં વધારો થવાનાં કારણો શું હોઈ શકે ?' આ પ્રશ્ન પર ઊંડા ચિંતન બાદ 1776માં ઍડમ સ્મિથે અર્થશાસ્ત્રનું સ્વતંત્ર ચિંતન રજૂ કરતું પુસ્તક રજૂ કર્યું.

"An Enquiry into the Nature and Causes of the Wealth of Nations" જે ટૂંકમાં 'વેલ્થ ઑફ નેશન્સ' તરીકે પ્રખ્યાત થયું. આ પુસ્તકને લીધે જ અર્થશાસ્ત્રનો સ્વતંત્ર અને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ શરૂ કરવાનું બહુમાન ઍડમ સ્મિથને મળ્યું છે.

**ઍડમ સ્મિથે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા :** અર્થશાસ્ત્ર એ સંપત્તિનું શાસ્ત્ર છે. તેઓ માને છે કે, 'ઉત્પાદક શ્રમ દ્વારા ઉત્પન્ન થયેલા ભૌતિક સંપત્તિના ઉત્પાદન-વપરાશ અને વિનિમયનો અભ્યાસ કરતું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર.'

ઍડમ સ્મિથે અર્થશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનનો દરજ્જો આપ્યો. કારણ કે તે એક બાજુ 'માનવી'ના આર્થિક વર્તનનો અભ્યાસ કરે છે તો બીજી બાજુ તેની અભ્યાસ પદ્ધતિ વૈજ્ઞાનિક છે. ઍડમ સ્મિથે માનવીના આર્થિક વર્તનનો સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાનું શરૂ કર્યું અને નીતિશાસ્ત્રને આર્થિક અભ્યાસથી દૂર રાખ્યું. ઍડમ સ્મિથે પોતાના પુસ્તક ''વેલ્થ ઑફ નેશન્સમાં'' આમ તો માનવકલ્યાણની વાત કરી જ છે.

**માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા :** 1890માં આલ્ફ્રેડ માર્શલે પોતાના પુસ્તક ''Principles of Economics'' માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપતાં કહ્યું કે, 'અર્થશાસ્ત્ર માણસની રોજિંદી જિંદગીના આર્થિક વ્યવહારોનો અભ્યાસ કરે છે. જેમાં તે ભૌતિક ચીજવસ્તુના વપરાશથી સુખાકારી મેળવે છે.'

આમ, માર્શલના મતે અર્થશાસ્ત્ર માનવીની રોજિંદી આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે અને માણસ ભૌતિક ચીજ-વસ્તુઓના વપરાશથી સુખાકારી મેળવવાનો કેવી રીતે પ્રયાસ કરે છે તેનું વિશ્લેષણ કરે છે. જોકે માર્શલ માત્ર ભૌતિક અને માપી શકાય તેવી વસ્તુઓના વપરાશની જ વાત કરે છે. તેથી માર્શલની આ વ્યાખ્યા ટીકાનો ભોગ બની. આમ છતાં માર્શલે અર્થશાસ્ત્રના અભ્યાસમાં માનવીને કેન્દ્રસ્થાને મૂક્યો તે બાબત અગત્યની છે.

**રોબિન્સે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા :** કોઈ પણ શાસ્ત્ર અંતે તો માનવજીવનના કોઈ મૂળભૂત પ્રશ્ન કે સમસ્યાઓનો ઉકેલ શોધવાનો પ્રયત્ન કરતું હોય છે. માનવજીવનમાં આર્થિક બાજુએ અગત્યનો પ્રશ્ન એ છે કે, વૈકલ્પિક ઉપયોગવાળાં મર્યાદિત સાધનોનો અમર્યાદિત જરૂરિયાતો સાથે મેળ કેવી રીતે બેસાડવો ?

1931માં લાયોનલ રોબિન્સે પોતાના પુસ્તક, "Nature and Significance of Economics"માં અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપી કે, 'Economics is the Science which studies human behaviour as a relationship between ends and scarce means which have alternative uses.', 'અર્થશાસ્ત્ર એ માણસ પોતાની જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં સાધનો વચ્ચે કેવી રીતે મેળ બેસાડે છે તેની વર્તણૂકનો અભ્યાસ કરતું વિજ્ઞાન છે.'

માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. વળી, તે વારંવાર ઉદ્ભવે છે. આનાથી વિરુદ્ધ આ જરૂરિયાતો સંતોષવાનાં સાધનો મર્યાદિત છે અને વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે. હવે આ સમસ્યાના સંદર્ભે અર્થશાસ્ત્રનું કામ એ અછતવાળાં સાધનોનો કેવી રીતે ઉપયોગ થાય કે જેનાથી માણસની વધુમાં વધુ જરૂરિયાત સંતોષાય તેનું માર્ગદર્શન કરવાનું છે.

રોબિન્સે અર્થશાસ્ત્રને વાસ્તવલક્ષી વિજ્ઞાન તરીકે રજૂ કર્યું છે. તે માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. રોબિન્સ માને છે કે, 'અર્થશાસ્ત્ર શું છે ?' તેનો અભ્યાસ કરે છે, 'શું હોવું જોઈએ ?' તેવી નૈતિક બાબતોનો અભ્યાસ કરતું નથી. આ અર્થમાં તે વાસ્તવલક્ષી શાસ્ત્ર છે. આદર્શવાદી શાસ્ત્ર નથી.

**સેમ્યુઅલસને આપેલ અર્થશાસ્ત્રની વ્યાખ્યા :** 'Economics is the study of how society uses scarce resources to produce valuable commodities and distribute them among different people.' 'સમાજ કેવી રીતે પોતાનાં અછતવાળાં સાધનો દ્વારા અગત્યની જરૂરિયાતોનું ઉત્પાદન કરે છે અને જુદા-જુદા લોકો વચ્ચે વહેંચે છે. તેનો અર્થશાસ્ત્ર અભ્યાસ કરે છે,'(1947) એટલે સેમ્યુઅલસન સમાજની પસંદગીઓ અને વહેંચણીના મુદ્દાને અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન આપે છે.

આમ, અર્થશાસ્ત્રની વિવિધ વ્યાખ્યાઓ પરથી આ પ્રમાણેના મુદ્દા મહત્ત્વના બને છે : (1) 'અર્થશાસ્ત્ર એ માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. (2) તે વાસ્તવદર્શી છે. (3) તેની અભ્યાસ પદ્ધતિ વૈજ્ઞાનિક છે. - માટે તે સામાજિક વિજ્ઞાન છે.'

### 1.4 આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ (Economic Activity and Non-Economic Activity)

માણસ સતત પ્રવૃત્તિશીલ છે. તે દિવસ દરમિયાનમાં અનેક પ્રવૃત્તિ કરે છે. મંદિરે દર્શન કરવા જાય, મિત્રોને મળે, દુકાને બેસે, રાજકીય ચર્ચાઓ કરે, ટી.વી. કે ફિલ્મ જુએ વગેરે. અર્થશાસ્ત્ર માણસની બધી જ પ્રવૃત્તિઓનો અભ્યાસ નથી કરતું, પરંતુ તે માનવીની આર્થિક પ્રવૃત્તિનો જ અભ્યાસ કરે છે. માટે અર્થશાસ્ત્રના અભ્યાસની શરૂઆતમાં આર્થિક પ્રવૃત્તિનો અર્થ સમજવો જરૂરી છે.

**આર્થિક પ્રવૃત્તિનો અર્થ :** 'માણસ પોતાની જરૂરિયાતો સંતોષવાના હેતુસર, વસ્તુઓ અને સેવાઓના વિનિમય માટે આવક મેળવવાની કે ખર્ચ કરવાની જે પ્રવૃત્તિ કરે છે તે આર્થિક પ્રવૃત્તિ છે.' આર્થિક પ્રવૃત્તિમાં ત્રણ બાબતો મહત્ત્વની છે : આવક, ખર્ચ અને વિનિમય, એટલે આર્થિક વિનિમયો માટે આવક-પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિ. ટૂંકમાં જરૂરિયાતોના સંતોષ માટે વસ્તુઓ કે સેવાઓ મેળવવા આવક-પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિ.

**બિનઆર્થિક પ્રવૃત્તિનો અર્થ :** જે પ્રવૃત્તિનો ઉદ્દેશ્ય આવક મેળવવા, ખર્ચ કરવાનો અને વિનિમયનો નથી, તે સિવાયનો છે તે પ્રવૃત્તિ બિનઆર્થિક છે.

દા.ત., દયા, માયા, પ્રેમ જેવી લાગણીઓથી પ્રેરાઈને થયેલી પ્રવૃત્તિ બિનઆર્થિક છે.

જે પ્રવૃત્તિમાં માત્ર આવક કે માત્ર ખર્ચ હોય અને વિનિમય ન હોય તે પ્રવૃત્તિ બિનઆર્થિક છે. દા.ત., દાન આપવાની પ્રવૃત્તિ.

અહીં ખર્ચ થાય છે પણ સામે પ્રત્યક્ષ રીતે કશું મળતું નથી.

આ વ્યાખ્યા પરથી એમ તારવી શકાય કે, વ્યક્તિ કશુંક મેળવવાની આશા સાથે, લાભ અને ગેરલાભની તુલના સાથે જે પ્રવૃત્તિઓ કરે છે તે આર્થિક પ્રવૃત્તિ છે. જેમાં વિનિમય થવો જરૂરી છે. આર્થિક પ્રવૃત્તિની સ્પષ્ટ સમજ માટે નીચેનાં ઉદાહરણો જુઓ :

(1) હોટલમાં જઈને જમવું. (ખર્ચ કરીને જરૂરિયાત સંતોષવી.)

(2) થિયેટરમાં જઈને ફિલ્મ જોવી. (ખર્ચ કરીને મનોરંજન મેળવવું.)

(3) ખેતરમાં જઈને મહેનત કરવી. (શ્રમ કરીને ઉત્પાદન મેળવવું.)

(4) શાળામાં બાળકોને ભણાવી પગાર મેળવવો. (સેવા આપીને આવક મેળવવી.)

આમ, માણસની અનેક જરૂરિયાતો છે. આ જરૂરિયાતો પૂરી કરવા માટે જે વસ્તુઓ કે સેવાઓની જરૂર પડે છે તે મેળવવા માટે કાં તો વસ્તુ કે સેવા આપવી પડે છે અથવા નાણાં આપવા પડે છે અને આ બદલામાં આપવાની વસ્તુ, સેવા કે નાણાં મેળવવા માટે આપણી પાસે જે વસ્તુ, સેવા, શ્રમ છે તે આપવા પડે છે. દા.ત., ખેડૂતને મોટરસાઇકલની જરૂરિયાત છે. મોટરસાઇકલ મેળવવા

માટે નાણાંની જરૂર પડે માટે ખેડૂત ખેતરમાં મહેનત કરી શ્રમ દ્વારા અનાજ ઉગાડે છે. અનાજ વેચીને નાણાં મેળવે છે અને આ નાણાં દ્વારા મોટરસાઇકલ મેળવે છે. આવું જ અભિનેતા, શિક્ષક, વકીલ, મૂડીપતિ બધા જ કરે છે અને આ કશુંક મેળવવા માટે આવક પ્રાપ્ત કરવાની કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એ આર્થિક પ્રવૃત્તિ છે. વિદ્યાર્થીમિત્રો, તમે શિક્ષણ મેળવો છો તે પણ આર્થિક પ્રવૃત્તિ છે. કારણ તમે શિક્ષણ દ્વારા ડિગ્રી, ડિગ્રી દ્વારા નોકરી, નોકરી દ્વારા પગાર અને પગાર દ્વારા જરૂરિયાતો સંતોષવા માગો છો.

### 1.5 એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Microeconomics and Macroeconomics)

અર્થશાસ્ત્રના અભ્યાસ અને વિશ્લેષણના ક્ષેત્રની રીતે બે ભાગ પડે છે. જે અભ્યાસમાં અર્થતંત્રના એકમોનો અભ્યાસ થાય છે. તે એકમલક્ષી અર્થશાસ્ત્ર છે અને જે અભ્યાસમાં અર્થતંત્રના સમગ્ર ક્ષેત્રનો અભ્યાસ થાય તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર કહેવાય છે.

અર્થશાસ્ત્રમાં માંગના અભ્યાસમાં વિશ્લેષણનું એકમ ગ્રાહક છે. પુરવઠાના અભ્યાસમાં પેઢી એ વિશ્લેષણનું એકમ છે. વપરાશનો એકમ વસ્તુ કે સેવા છે. શ્રમ-બજારમાં શ્રમ એકમ છે. જ્યાં આ એકમના વર્તનનો અભ્યાસ થાય, જ્યાં સીમાંતની ગણતરી થાય એ અભ્યાસ એકમલક્ષી છે. આવા અભ્યાસનું કેન્દ્રબિંદુ એકમ હોય છે, જ્યારે સમગ્રલક્ષી અભ્યાસ સમષ્ટિનો અભ્યાસ કરે છે. દા.ત., કુલ રોજગારી, રાષ્ટ્રીય આવક, વસ્તી વગેરે અર્થતંત્રના સમગ્રલક્ષી ખ્યાલો છે.

વસ્તુની કિંમત અને તેના નિર્ધારણનો અભ્યાસ, પેઢીની સમતુલાનો અભ્યાસ, શ્રમિકની સીમાંત ઉત્પાદકતાના આધારે વેતન-નિર્ધારણ - આ બાબતો એકમલક્ષી અભ્યાસ દર્શાવે છે. જ્યારે, અર્થતંત્રમાં સમગ્ર ભાવ-સપાટીનું નિર્ધારણ નાણાંના મૂલ્યનો અભ્યાસ, રાષ્ટ્રીય આવકની ગણતરી તેમજ બેકારી, ગરીબી, વસ્તી જેવી રાષ્ટ્રીય સમસ્યાઓનો અભ્યાસ સમગ્રલક્ષી અર્થશાસ્ત્રમાં થાય છે.

એકમલક્ષી અર્થશાસ્ત્ર ગ્રાહક, પેઢી, શ્રમિક જેવા આર્થિક એકમોને નિર્ણય કરવામાં મદદરૂપ થાય છે. તેમના આર્થિક વર્તનને સમજવામાં ફાળો આપે છે. જ્યારે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર સરકારને આર્થિકનીતિ ઘડવામાં, આર્થિક સંસ્થાઓને નિર્ણયો લેવામાં મદદ કરે છે.

યાદ રહે એકમલક્ષી અને સમગ્રલક્ષી એ બે ભાગ અભ્યાસ અને વિશ્લેષણના હેતુ નક્કી કરવા પૂરતા જ છે. બાકી એકમલક્ષી અભ્યાસો પરથી સમગ્રલક્ષી નીતિ ઘડવામાં મદદ મળી શકે છે અને સમગ્રલક્ષી નીતિની એકમ પર પડેલી અસરોનો અભ્યાસ પણ થઈ શકે છે.

### 1.6 આર્થિક માહિતીની રજૂઆત (Presentation of Information in Economics)


આર્થિક અભ્યાસોમાં સિદ્ધાંત કે માહિતીની રજૂઆત ત્રણ રીતે થાય છે :

(1) ભાષા દ્વારા વર્ણનાત્મક રીતે (2) આંકડાઓ દ્વારા (3) આકૃતિ દ્વારા (પ્રતિકાત્મક રીતે)

(1) જેમકે, માંગના નિયમમાં આપણે સમજીશું કે, 'વસ્તુની કિંમતમાં ઘટાડો થવાથી વસ્તુની માંગમાં વિસ્તરણ થાય છે.' - આ થઈ ભાષા દ્વારા વર્ણનાત્મક રજૂઆત. આ જ વાત આંકડામાં નીચે મુજબ રજૂ થાય છે :

| કિંમત (₹) | માંગ (એકમમાં) |
|---|---|
| 20 | 20 |
| 15 | 40 |
| 10 | 60 |
| 5 | 80 |

આંકડામાં પણ એ જ બાબત સ્પષ્ટ થાય છે કે કિંમત ઘટતાં માંગનું વિસ્તરણ થાય છે.




1.1 માહિતીની આકૃતિમાં રજૂઆત

આકૃતિમાં ઉદ્‌ગમબિન્દુથી જોતાં ઉપરથી નીચે જતી રેખા એ જ બાબત દર્શાવે છે કે, એક ચલ (કિંમત)માં ઘટાડો થાય ત્યારે બીજા ચલ (માંગ)નું વિસ્તરણ થાય છે.

યાદ રહે કે આકૃતિ બે ચલ વચ્ચેના કાર્યકારણના સંબંધને દર્શાવે છે. અર્થશાસ્ત્રની તમામ રજૂઆતો તાર્કિક હોય છે. 'જો અને તો'ના સ્વરૂપમાં તે રજૂ થાય છે અને ધારેલી પરિસ્થિતિમાં જ તે વધારે સાચી પડે છે અને તાર્કિક રજૂઆતોને વધારે આધારભૂત રીતે રજૂ કરવા માટે આંકડાકીય માહિતીઓ ઉપયોગી છે.

## 1.7 આંકડાકીય માહિતીનું મહત્ત્વ (Importance of Statistical Information)

આર્થિક રજૂઆતોમાં આંકડાકીય માહિતીનું મહત્ત્વ નીચે મુજબ છે :

**1.7.1 સિદ્ધાંતોની આધારભૂતતામાં વધારો થાય છે :** અર્થશાસ્ત્રમાં બે આર્થિક ચલ વચ્ચેના કાર્યકારણના સંબંધને તપાસીને સિદ્ધાંતો રજૂ કરવામાં આવે છે. આ સિદ્ધાંતોને વ્યવહારમાં ચકાસવા માટે, આધારભૂત રજૂઆત માટે આંકડાકીય માહિતી જરૂરી છે. મહત્ત્વની છે.

દા.ત., વરસાદ અને ખેત-ઉત્પાદન વચ્ચેનો સંબંધ, કિંમત અને માંગ વચ્ચેનો સંબંધ, નફા અને ઉત્પાદન વચ્ચેનો સંબંધ આંકડાકીય આધાર સાથે રજૂ થાય તો વધારે વિશ્વસનીય બને છે અને સિદ્ધાંત વ્યવહારમાં પણ સાચો જ છે કે કેમ તે તપાસી શકાય છે.

**1.7.2 દશા અને દિશાનાં વલણો જાણવા માટે :** સમગ્ર અર્થતંત્ર કે તેના કોઈ એક ક્ષેત્રનાં વલણો કયા પ્રકારના છે, કઈ દિશામાં છે તે આંકડાઓ દ્વારા જાણી શકાય છે.

દા.ત., રાષ્ટ્રીય આવકમાં ખેતીના હિસ્સાનું પ્રમાણ ઘટતું જાય છે. ભારતની આયાતોમાં વધારો થઈ રહ્યો છે. અર્થતંત્રમાં નાણા-પુરવઠો વધી રહ્યો છે. તે વલણો આંકડાઓ દ્વારા જ જાણી શકાય છે. આંકડા દશા અને દિશા બંને દર્શાવે છે. અર્થતંત્ર કઈ દિશામાં જઈ રહ્યું છે. કયા દેશ સાથે તેના આર્થિક વ્યવહારો વધી રહ્યા છે. કયા ક્ષેત્રમાં ઉત્પાદન વધી રહ્યું છે. કયું ક્ષેત્ર રોજગારી આપી રહ્યું છે. આ તમામ દિશા આંકડાકીય માહિતી પરથી જાણી શકાય છે.

**1.7.3 તુલનાત્મક અભ્યાસ માટે :** આંકડાકીય માહિતીનો ઉપયોગ તુલનાત્મક અભ્યાસ માટે ખૂબ ઉપયોગી સાબિત થાય છે. સ્થળ અને સમયની રીતે તુલના આંકડાઓ દ્વારા જ થાય છે. ભારતમાં જ 1951ની તુલનામાં 2015માં આપણે ત્યાં આર્થિકક્ષેત્રે કેટલા પ્રમાણમાં ફેરફાર થયા તથા દુનિયામાં અમેરિકા, ચીન, બ્રિટનની તુલનામાં આપણે ક્યાં છીએ તે જાણવા આંકડાકીય રજૂઆત અગત્યની બને છે.

**1.7.4 સંક્ષિપ્તમાં રજૂઆત માટે :** આર્થિક અભ્યાસોમાં લાંબાં વર્ણનો કરતા આર્થિક બાબતોની સંક્ષિપ્ત અને પ્રતિકાત્મક રજૂઆત માટે આંકડાકીય માહિતી અને આલેખો ખૂબ મહત્ત્વના છે. સામાન્ય માણસ પણ સમજી શકે તે રીતે રજૂ થતી આંકડાકીય માહિતી તુલનાત્મક, વલણો અને સિદ્ધાંતની સચોટ છતાં ટૂંકમાં રજૂઆત કરે છે અને આલેખો પ્રથમદર્શિય સમજૂતી આપે છે.

## 1.8 આંકડાકીય માહિતીને આકૃતિ-આલેખમાં રજૂ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો (Some Requisite Aspects in Collecting Statistical Information and Presenting it in Diagram/Graph/Chart)

અર્થશાસ્ત્રીય રજૂઆતોમાં, સંશોધનોનાં તારણોમાં, સિદ્ધાંતોના, ફલિતાર્થોની વિશ્વસનીયતાનો આધાર આંકડાકીય રજૂઆત છે. આંકડામાં પ્રાપ્ત વિગતોને આલેખ કે આકૃતિમાં પ્રતિકાત્મક રીતે આકર્ષક સ્વરૂપમાં રજૂ કરી શકાય છે. આલેખ કે આકૃતિ માહિતીને સરળ રીતે સમજાવે છે, પણ તે રજૂ કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે, જે પૃષ્ઠ 6 પર દર્શાવ્યા મુજબ છે.

**1.8.1 વિશ્વસનીય પ્રાપ્તિસ્થાન :** આર્થિક સિદ્ધાંતો કે તારણો જેના આધારે આપવામાં આવ્યા છે તે આંકડાકીય માહિતીના પ્રાપ્તિસ્થાન વિશ્વસનીય અને સર્વમાન્ય હોય તે ઇચ્છનીય છે. જેમકે, ભારતની આર્થિક સ્થિતિ દર્શાવવા માટે રાષ્ટ્રીય સર્વે, વિશ્વબૅન્કનો રિપોર્ટ, કેન્દ્ર સરકારની આંકડાકીય સંસ્થા વગેરેના આંકડા વધારે આધારભૂત ગણવામાં આવે છે.

**1.8.2 સ્વતંત્ર અને પરતંત્ર ચલ :** બે કે તેથી વધુ ચલો વચ્ચેનો સંબંધ આલેખ કે આકૃતિમાં રજૂ થાય ત્યારે યાદ રાખવું જોઈએ કે સ્વતંત્ર ચલોને આડી ધરી પર અને (આધારિત ચલોને) પરતંત્ર ચલને ઊભી ધરી પર માપવામાં આવે છે. દા.ત., દેશ, વર્ષ, વરસાદ એ સ્વતંત્ર ચલ છે; જ્યારે વસ્તી, આવક, ઉત્પાદન એ પરતંત્ર ચલ છે.

બે ચલ વચ્ચેના કાર્યકારણના સંબંધમાં એક ચલ કારણરૂપ હોય છે. દા.ત., વર્ષ સ્વતંત્ર ચલ છે જે OX ધરી પર દર્શાવાય છે અને ઉત્પાદન પરતંત્ર ચલ છે જે OY ધરી પર દર્શાવાય છે.

જોકે અર્થશાસ્ત્રમાં માંગના નિયમની રજૂઆતમાં કારણરૂપ પરિબળ, કિંમત ઊભી ધરી પર અને આધારિત પરિબળ માંગ આડી ધરી પર દર્શાવવાની હવે પરંપરા થઈ ગઈ છે.

**1.8.3 સ્કેલમાપની પસંદગી કરવી :** આંકડાઓને આકૃતિમાં યોગ્ય રૂપમાં ગોઠવવા માટે યોગ્ય સ્કેલમાપ મેળવવા પડે છે. દા.ત., સમયને લગતી બાબત હોય તો દસ વર્ષ માટે એક સ્કેલ નક્કી કરીને તેની રજૂઆત થાય છે. એકવાર જે સ્કેલમાપ નક્કી કરો એ આપણે રજૂઆતમાં જાળવવું પડે છે. દા.ત., એક ઇંચ = 5 વર્ષ નક્કી કરો પછી દરેક પાંચ વર્ષનો વધારો બતાવવા માટે પણ એક ઇંચ પ્રમાણે આગળ વધવું પડે. મોટી આંકડાકીય માહિતીને આકૃતિમાં ટૂંકમાં રજૂ કરતી વખતે જે-તે ધરી પર = (SS) નિશાની કરવામાં આવે છે.

## 1.9 આંકડાકીય માહિતીની આકૃતિ કે આલેખમાં રજૂઆત (Presenting Quantitative/Numerical Information in Diagrams/Graphs)


આંકડાકીય માહિતીને આકૃતિ કે આલેખમાં વિવિધ સ્વરૂપે દર્શાવી શકાય છે. બે ચલો વચ્ચેના સંબંધને બિન્દુ દ્વારા અને બિન્દુઓને જોડતી રેખા દ્વારા દર્શાવાય ત્યારે રેખીય આકૃતિ બને છે. દા.ત., માંગરેખા.

હાલમાં કમ્પ્યૂટર ટેક્નોલૉજીના ઉપયોગને કારણે આંકડાકીય માહિતીની આલેખમાં રજૂઆત આકર્ષક રીતે થઈ શકે છે અને આલેખોમાં પણ વૈવિધ્ય લાવી શકાય છે. સરળતાપૂર્વક સમજૂતી માટે આપણે ત્રણ પ્રકારની રજૂઆત અહીં આપી છે : (1) સ્તંભ-આકૃતિ (2) પાસપાસેની સ્તંભ-આકૃતિ (3) વૃત્તાંશ આકૃતિ.

**1.9.1 સ્તંભ-આકૃતિ :** આકૃતિમાં આધારિત ચલ ઊભી ધરી પર આપવામાં આવ્યો હોય છે. સ્વતંત્ર ચલ આડી ધરી પર આવેલ છે અને તેના પરિવર્તનમાં સમયનો ગાળો છે. દા.ત., ઘઉંનું દર વર્ષે ઉત્પાદન કેટલું થયું. તેના આંકડા આપણી પાસે હોય તો સ્તંભ-આકૃતિમાં તે દર્શાવી શકાય.

**ભારતમાં ઘઉંનું ઉત્પાદન**

| વર્ષ | ઉત્પાદન (લાખ ટનમાં) |
|---|---|
| 1970-71 | 23.8 |
| 1980-81 | 36.3 |
| 1990-91 | 55.1 |
| 2000-01 | 69.7 |
| 2010-11 | 86.9 |





**1.2 માહિતીની સ્તંભ-આકૃતિમાં રજૂઆત**

**1.9.2 પાસપાસેની સ્તંભ-આકૃતિ :** જ્યારે સ્વતંત્ર ચલ એક અને આધારિત ચલ બે કે તેથી વધારે હોય તો પાસપાસેની સ્તંભ-આકૃતિ સારી રીતે માહિતીને રજૂ કરે છે. દા.ત., ભારતમાં અક્ષરજ્ઞાનનો વધારો. જેમાં સમયનું પરિબળ એક જ છે અને બદલતા ચલમાં સ્ત્રી-સાક્ષરતા દર, પુરુષ-સાક્ષરતા દર, કુલ સાક્ષરતા દર એમ ત્રણ બાબત છે.

**ગુજરાતમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ (ટકામાં)**

| વર્ષ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| 1951 | 30.17 | 12.79 | 21.09 |
| 1961 | 48.73 | 12.77 | 36.19 |
| 1971 | 53.78 | 29.00 | 41.84 |
| 1981 | 65.10 | 38.50 | 52.20 |
| 1991 | 73.13 | 48.64 | 61.29 |
| 2001 | 80.50 | 58.60 | 69.14 |
| 2011 | 87.23 | 70.73 | 79.31 |


**સ્રોત :** ગુજરાતનો આર્થિક-સામાજિક સર્વે : 2011-12




**1.3 માહિતીની પાસપાસેની સ્તંભ-આકૃતિમાં રજૂઆત**

**1.9.3 વૃત્તાંશ આકૃતિ :** સમગ્ર વર્તુળ એક સમષ્ટી છે અને તેના ભાગ એક બાબત છે એમ દર્શાવાય ત્યારે વૃત્તાંશ આકૃતિ બને. વૃત્તાંશ એટલે વર્તુળનો અંશ. દા.ત., ભારતની રાષ્ટ્રીય આવકમાં ત્રણ મહત્ત્વનાં ક્ષેત્રોનો ફાળો નીચે મુજબ છે :

| ક્ષેત્ર | ટકા |
|---|---|
| ખેતીક્ષેત્ર | 13.9 |
| ઉદ્યોગક્ષેત્ર | 26.2 |
| સેવાક્ષેત્ર | 59.9 |




સ્રોત : ભારતનો આર્થિક સર્વે : 2014-15

**1.4 માહિતીની વૃત્તાંશ આકૃતિમાં રજૂઆત**

આમ, આલેખ દ્વારા આંકડાકીય માહિતી સરળતાથી સમજાવી શકાય છે.

## 1.10 અર્થશાસ્ત્ર વિષયનું મહત્ત્વ (Importance of Economics)

આજનો યુગ એ આર્થિક યુગ છે. માનવીની પ્રત્યેક પ્રવૃત્તિ લાભ અને ગેરલાભની તુલના સાથે થાય છે. બહુ ઓછા લોકો છે જે સાવ નિઃસ્વાર્થ ભાવે કામ કરે છે. આર્થિક બાબતોથી દૂર રહી શકે તેવું ભાગ્યે જ કોઈ હોય અને માટે અર્થશાસ્ત્ર વિષયની પ્રસ્તુતતા વધી જાય છે. તેના અભ્યાસનું મહત્ત્વ વધી જાય છે.

**1.10.1 વ્યાવહારિક મહત્ત્વ :** અર્થશાસ્ત્ર આપણાં રોજિંદા જીવન સાથે જોડાયું છે. અર્થશાસ્ત્રનો અભ્યાસ આપણાં વ્યાવહારિક જ્ઞાન અને વર્તનને નીચે પ્રમાણે અસર કરે છે :

**1.10.1.1 આંતરરાષ્ટ્રીય ઘટનાઓ :** આજના સમયમાં આર્થિક બાબતો જ આંતરરાષ્ટ્રીય બાબતોને અસર કરે છે. શા માટે અમેરિકા સુપર પાવર છે ? ક્રુડતેલના ભાવો કેમ વધ-ઘટ થાય છે. રશિયા અને અમેરિકા, ચીન અને ભારતમાં કઈ આર્થિક સમાનતા અને ક્યા તફાવતો છે તેમજ કયો દેશ મૂડીવાદી કહેવાય ?, ક્યો દેશ સામ્યવાદી કહેવાય ? તે જાણકારી હોય તો આપણે કયા દેશ સાથે સરળતાથી વ્યવહાર કરી શકીએ તે સમજી શકાય છે.

**1.10.1.2 ઐતિહાસિક ઘટનાઓ :** તેજાના અને ગરમ મસાલાના ભાવ વધ્યા તે માટે ઇંગ્લૅન્ડના વેપારીઓએ ઈસ્ટ ઇન્ડિયા કંપની સ્થાપી અને ભારતમાં આવી વેપાર કર્યો પછી શાસન કર્યું. રોજગારી અને ઉદ્યોગ-ધંધામાં પડતી તથા ઊંચા કરવેરાના ભારણથી ભારતીય પ્રજાએ અંગ્રેજોના શાસનનો વિરોધ કર્યો. દુનિયામાં અને દેશમાં ભાવવધારો, ઊંચા કરવેરા, અછત જેવાં આર્થિક પરિબળો મોટી રાજકીય ઊથલ-પાથલ સર્જે છે. અર્થશાસ્ત્રના અભ્યાસથી જ આ ઐતિહાસિક રાજકીય ઘટનાક્રમ સમજી શકાય છે.

**1.10.2 આર્થિક મહત્ત્વ :**

**1.10.2.1 રોજબરોજના વ્યક્તિગત નિર્ણયો માટે :** અભિનેતા, ડૉક્ટર, વકીલ, ગાયક, શિક્ષક પણ આર્થિક રોકાણો કરતા હોય છે. સીધી રીતે આર્થિક પ્રવૃત્તિમાં ન જોડાયેલા લોકો પણ બચત અને મૂડીરોકાણ, ખર્ચ અને આવકની પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોય છે. ગૃહિણીથી માંડીને સરકાર સુધીના લોકોને પોતપોતાના આર્થિક નિર્ણયોમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે.

**1.10.2.2 સરકારની નીતિઓને સમજવા માટે :** ભારત જેવા દેશમાં સરકારની નાણાનીતિ તથા રાજકોષીયનીતિ કે સમગ્ર આર્થિકનીતિ આપણા રોજબરોજના જીવન પર ગંભીર અસરો સર્જી શકે છે, માટે અર્થશાસ્ત્રનો અભ્યાસ આ નીતિઓને સમજવામાં તથા તે મુજબ આપણા નિર્ણયો બદલવામાં મદદરૂપ થાય છે. દા.ત., રિઝર્વ બૅન્કના રેપોરેટના ફેરફારો મુજબ આપણે બચત અને રોકાણના નિર્ણયો કરવા જોઈએ.

**1.10.3 વ્યાવસાયિક મહત્ત્વ :** આવક અને ખર્ચ, માંગ અને પુરવઠો આ બાબતો તમામ વ્યવસાયો સાથે જોડાયેલી છે. અર્થશાસ્ત્રનો અભ્યાસ દરેક વ્યવસાયની આર્થિક ગણતરીઓમાં મદદરૂપ થાય છે. વસ્તુ કે સેવાના કિંમત-નિર્ધારણ, સાધનો તથા કાચામાલના ખરીદ-વેચાણ, શ્રમિકો કે કર્મચારીઓના વેતન નક્કી કરવા જેવી તમામ બાબતોના નિર્ણયોમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ મદદરૂપ થાય છે. દા.ત., તીવ્ર સ્પર્ધાવાળા બજારમાં કિંમત ઘટાડવાથી ગ્રાહકોને આકર્ષી શકાય છે.

અર્થશાસ્ત્ર મૂળભૂત રીતે આર્થિક નિર્ણયો કરવામાં મદદરૂપ થતું શાસ્ત્ર છે અને તેનું વ્યાવસાયિક મહત્ત્વ છે. આર્થિક જગતમાં માણસના મુખ્ય ત્રણ સ્વરૂપ છે. (1) ગ્રાહક તરીકે (2) ઉત્પાદક તરીકે (3) શ્રમિક તરીકે. આ ત્રણેય સ્વરૂપમાં તેણે ઓછામાં ઓછું ચૂકવીને વધુમાં વધુ લાભ મેળવવાનો પ્રયત્ન કરવાનો છે અને આર્થિક સિદ્ધાંતો તેને અહીં મદદ કરે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :**

(1) માનવીની આર્થિક સમસ્યાઓના ઉકેલ અને માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતા શાસ્ત્રને કયા નામે ઓળખવામાં આવે છે ?
(A) તર્કશાસ્ત્ર (B) ભૌતિકશાસ્ત્ર (C) અર્થશાસ્ત્ર (D) આંકડાશાસ્ત્ર

(2) Economics શબ્દ કયા ગ્રીક શબ્દ પરથી ઊતરી આવ્યો છે ?
(A) Oikonomikos (B) Ecology (C) PHILO (D) NOMOS

(3) કયા અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનો વૈજ્ઞાનિક ઢબે સ્વતંત્રપણે અભ્યાસ શરૂ કરવાનું બહુમાન મળ્યું છે ?
(A) કૌટિલ્ય (B) પ્રો. માર્શલ (C) રોબિન્સન (D) ઍડમ સ્મિથ

(4) અર્થશાસ્ત્રને વાસ્તવવાદી વિજ્ઞાન તરીકે રજૂ કરનાર અર્થશાસ્ત્રી...
(A) ઍડમ સ્મિથ (B) રોબિન્સ (C) સેમ્યુઅલસન (D) માર્શલ

(5) અર્થશાસ્ત્રના અભ્યાસ અને વિશ્લેષણના ક્ષેત્રની રીતે કેટલા ભાગ પડે છે ?
(A) ચાર (B) ત્રણ (C) બે (D) પાંચ

(6) સામાન્ય રીતે દેશ, વર્ષ, વરસાદ જેવી સ્વતંત્ર ચલરાશી કઈ ધરી ઉપર દર્શાવવામાં આવે છે ?
(A) ઊભી ધરી પર (B) આડી ધરી પર (C) ઉદ્‌ગમ બિન્દુ પર (D) કાટખૂણે

(7) 'Principles of Economics' પુસ્તક કોણે લખ્યું?
(A) એડમસ્મિથ (B) માર્શલ (C) રોબિન્સ (D) સેમ્યુઅલસન

**2. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :**

(1) રોબિન્સનના મતે અર્થશાસ્ત્રની વ્યાખ્યા જણાવો.
(2) સેમ્યુઅલસન અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં કઈ બાબતને મહત્ત્વનું સ્થાન આપે છે ?
(3) આર્થિક માહિતીની રજૂઆત કઈ ત્રણ રીતે કરી શકાય ?
(4) સામાન્ય રીતે આકૃતિ કે આલેખમાં સ્વતંત્ર અને પરતંત્ર ચલરાશીને કઈ ધરી પર દર્શાવવામાં આવે છે ?
(5) વૃત્તાંશ આકૃતિ એટલે શું ?

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :**

(1) કૌટિલ્યે આપેલ વ્યાખ્યા શું છે ? તે સમજાવો.
(2) માર્શલની અર્થશાસ્ત્રની વ્યાખ્યા સમજાવો.
(3) આર્થિક પ્રવૃત્તિ અને બિનઆર્થિક પ્રવૃત્તિ વચ્ચેનો તફાવત સમજાવો.
(4) એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.
(5) અર્થતંત્રની દશા અને દિશાનાં વલણો જાણવા માટે આંકડાકીય માહિતી ઉપયોગી છે. સમજાવો.

**4. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :**

(1) ઍડમસ્મિથ અને માર્શલે આપેલી અર્થશાસ્ત્રની વ્યાખ્યા વિગતે સમજાવો.
(2) અર્થશાસ્ત્રમાં આંકડાકીય માહિતીનું મહત્ત્વ મુદ્દાસર સમજાવો.
(3) ''અર્થશાસ્ત્ર'' અંગેના ભારતીય ચિંતનની માહિતી આપો.
(4) ''અર્થશાસ્ત્ર'' વિષયનું મહત્વ સ્પષ્ટ કરો.

**5. નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :**

(1) પશ્ચિમમાં અર્થશાસ્ત્રના ઉદ્ભવ અને વિકાસ વિશે ટૂંકમાં માહિતી આપો.

(2) 'આંકડાકીય માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરવા માટે આકૃતિ અને આલેખ વધારે અનુકૂળ છે.' – સમજાવો.

**પારિભાષિક શબ્દો**

**આર્થિક પ્રવૃત્તિ (Economic Activity)** : જરૂરિયાતોના સંતોષ માટે માણસ દ્વારા થતી પ્રવૃત્તિ જેમાં આવક-ખર્ચ અને વિનિમય સંકળાયેલા છે.

**એકમલક્ષી અર્થશાસ્ત્ર (Micro Economics)** : જે આર્થિક અભ્યાસો અર્થતંત્રના આર્થિક એકમોનું વિશ્લેષણ કરે છે તે એકમલક્ષી અર્થશાસ્ત્ર છે.

**સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર (Macro Economics)** : જે આર્થિક અભ્યાસો સમગ્ર આર્થિક સમષ્ટિનો અભ્યાસ કરે છે અને તેનાં તારણો સમગ્ર અર્થતંત્રને લાગુ પડે છે તે સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર છે.

**વૃત્તાંશ આવૃત્તિ (Pie Chart)** : વૃત્તાંશ એટલે વર્તુળનો અંશ. એક વર્તુળને એક સમષ્ટિ માની લેવામાં આવે અને માહિતીને વર્તુળના ભાગ પાડીને દર્શાવવામાં આવે ત્યારે વૃત્તાંશ આકૃતિ બને છે.

**વિશ્લેષણ (Analysis)** : માહિતીનું વર્ગીકરણ કરી તેના કાર્યકારણના સંબંધને તપાસવાની પ્રક્રિયા

**વિનિમય (Exchange)** : પરસ્પર લેવડ-દેવડ. એક વસ્તુ કે સેવાના બદલામાં અન્ય વસ્તુ કે સેવા મેળવવાની પ્રક્રિયા

**વૈજ્ઞાનિક પદ્ધતિ (Scientific Method)** : કાર્યકારણના સંબંધને તપાસીને તારણો મેળવવાના અને તેને વારંવારના પ્રયોગો દ્વારા તપાસવાની પદ્ધતિ એટલે વૈજ્ઞાનિક પદ્ધતિ

**વિશિષ્ટીકરણ (Specialisation)** : જે વ્યક્તિ કે ઉત્પાદનનું સાધન જે બાબતમાં વધારે કાર્યકુશળ હોય તેને તે જ કાર્યમાં વધુ પરોવાય તે વિશિષ્ટીકરણ કહેવાય.

**વાસ્તવિક (સકારાત્મક) (Positive)** : વાસ્તવિકતાનું વિશ્લેષણ કરનાર તથા વાસ્તવિક પરિબળો, પરિસ્થિતિઓનો વિચાર કરનાર અભ્યાસ-પદ્ધતિ

**આદર્શલક્ષી (Normative)** : સારાં અને ખરાબ તરીકેનાં પાસાઓ દર્શાવતી વિશ્લેષણની પદ્ધતિ.

•